ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ
પશ્ચિમ ગુજરાત વિજ કંપની લિમિટેડ
રજી. અને કોર્પોરેટ ઓફિસ, લક્ષ્મીનગર, નાના મવા રોડ, રાજકોટ
રજી. અને કોર્પોરેટ ઓફિસ, લક્ષ્મીનગર, નાના મવા રોડ, રાજકોટ ફોન નં. (૦૨૮૧) ૨૩૮૦૪૨૫ - ૨૩૮૦૪૨૭, ફેક્સ નં. (૦૨૮૧) ૨૩૮૦૪૨૮
CIN:U40102GJ2003SGC042908 website : www.pgvcl.com ઈ–મેઈલ :– forum.pgvcl@gebmail.com

પીજીવીસીએલ/સીજીઆરએફ/૫૦/કવા–૦૩/૧૮–૧૯/ 3567-14 તા. 22-5-19

રજી. એ.ડી. પત્ર

પ્રતિ,
આર.બી. કોર્પોરેશન,
C/O, સેન્ટ ઈન્ડસ્ટ્રીઝ
સ્ટીલ એન્જીનીયર્સ પાસે,
શાપર વેરાવળ
જી: રાજકોટ
મો: ૯૪૨૭૨ ૧૪૩૧૩

વિષય :–સુઓમોટો યોજના હેઠળ આવેલ બીલ બાબત
સંદર્ભ:– આપની અરજી , તા. ૦૩–૧૧–૧૮ (અત્રે ના ફોરમ ની નોંધણી નંબર :૫૦/કવા–૦૩/૧૮–૧૯)

શ્રીમાન,

આપશ્રી દ્વારા ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ સમક્ષ કરવામા આવેલ અરજીના ચુકાદાની પ્રમાણિત નકલ આ સાથે સામેલ છે.

જે આપશ્રીને સુવિદિત થાય, આપના સહકાર સહ, આભાર સહ.

આપનો વિશ્વાસુ

6A

(સી.જે.ગજેરા)
કા.વા. કન્વીનર
ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ, રાજકોટ

બિડાણ : નિર્ણયપત્ર (પાના નં. ....)

નકલ રવાના :
(૧) અધિક્ષક ઈજનેર શ્રી, પીજીવીસીએલ, ગ્રામ્ય વર્તુળ કચેરી , રાજકોટ
(૨) કાર્યપાલક ઈજનેર શ્રી, પીજીવીસીએલ, ગ્રામ્ય વિભાગીય કચેરી રાજકોટ

... સદર નિર્ણયપત્રની નકલ આપને આ સાથે મોકલવામાં આવે છે. જેની તમામ વિગતો અભ્યાસે લઈ અને નામદાર જીઈઆરસી ના આયોગ ના જાહેરનામા: ૦૨/૨૦૧૧ ની કલમ ૨.૫૨ મુજબ – સદર હુકમ ના પાલન અંગે થયેલ કાર્યવાહીનો જરૂરી અહેવાલ અત્રેની ફોરમ કચેરીને ફરજીયાત પાઠવવાનો રહેશે.

(૩) નાયબ ઈજનેર શ્રી, પીજીવીસીએલ, પેટા વીભાગીય કચેરી, શાપર વેરાવળ

# ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ, રાજકોટ

**પીજીવીસીએલ, રજી. અને કોર્પોરેટ કચેરી,લક્ષ્મીનગર નાનામૌવા રોડ, રાજકોટ**

**CIN:U40102GJ2003SGC042908 website : www.pgvcl.com**

E-Mail- forum.pgvcl@gebmail.com


**પીજીવીસીએલ/સીજીઆરએફ/૫૦/ક્વા–૦૩/૧૮–૧૯/** 3567-74 તા. 22-5-19

૨૦૦૩ ના ભારતીય વીજળી અધિનિયમની કલમ ૪૨ (૫) તેમજ ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ (ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ અને લોકપાલ) વિનિયમો ૨૦૧૧ જાહેરનામા નં. ૨/૨૦૧૧ હેઠળ રચાયેલ ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ (CGRF)પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમિટેડ,રાજકોટના ચેરમેન સમક્ષ નોંધાયેલ ફરીયાદ.

No.PG- ૫૦/ક્વા–૦૩/૧૮–૧૯

| | | |
|---|---|---|
| અરજદાર: | આર.બી. કોર્પોરેશન | ગામ: શાપર વેરાવળ |
| રજૂઆત કરનાર: | અરજદાર હાજર રહેલ નથી. | |

## :: વિરુધ્ધ ::

| | |
|---|---|
| સામાવાળા: | કાર્યક્ષેત્ર : પીજીવીસીએલ વિભાગીય કચેરી – ગ્રામ્ય રાજકોટ |
| રજૂઆત કરનાર: | કાર્યપાલક ઇજનેર એલ.કે.પરમાર વિભાગીય કચેરી -ગ્રામ્ય રાજકોટ |

## :: કોરમ ::

૧) કા.વા.ચેરપર્સન -શ્રી જે.બી. પારેખ,

૨) મેમ્બર સ્વતંત્ર - કોકિલાબેન જે. મોટાણી

૩) મેમ્બર ટેકનીકલ – એન.ડી.ધામેલીયા

| | |
|---|---|
| સુનાવણી સ્થળ: | કોન્ફરન્સ હોલ, પીજીવીસીએલ., ગ્રામ્ય વર્તુળ કચેરી – રાજકોટ |
| તારીખ: | 08-May-19 |

૧.૦ સદર કેઈસ ની સુનાવણી તા.૧૨–૧૨–૧૮, તા.૧૦–૦૧–૧૯ ના રોજ રાખવામા આવેલ હતી, જેમા અરજદાર હાજર રહેલ ન હતા. ત્યારબાદ, તા. ૩૦–૦૩–૧૯ ના રોજ સદર કેઈસ ની સુનવણી માટે અરજદાર હાજર રહેલ હતા, પરંતુ, અરજદાર દ્વારા વધુ એક મુદત આપવા વિનંતી કરેલ હતી. જે અન્વયે અરજદાર ને સાંભળવા માટે વધુ એક તક તા.૦૮–૦૫–૧૯ ના રોજ કેઈસ ની સુનવણી રાખેલ હતી, જેમા અરજદાર હાજર રહેલ ન હતા.

## :: અરજદારની રજૂઆત ::

૨.૦ અરજદાર આર.બી. કોર્પોરેશન, ગામ:શાપર વેરાવળ તેઓની અરજી ના નોંધણી નંબર :૫૦ ક્વા-૦૩ ૧૮ - ૧૯ મા જણાવે છે કે, તેઓ ગ્રાહક નં.–૮૧૯૦૧ ૦૧૧૪૯૯ થી ૩૩ કીવો નુ વીજજોડાણ ધરાવે છે, અને નિયમીત વીજબીલ ભરપાઈ કરે છે. માહે સપ્ટેમ્બર–૧૮ ના વીજબીલ મા રૂ.૧,૦૯,૧૦૦/– ની રકમ એડજેસ્ટમેન્ટ અપાયેલ હતુ, જે બાબતે સબંધક કચેરીનો સંપર્ક સાધતા જણાવેલ કે ૩૩ કીવો ના વીજભાર ની સામે ૪૧ કીવો વીજભાર નોંધાયેલ હોવાથી – સુઓમોટો યોજના હેઠળ એડજેસ્ટમેન્ટ ની રકમ નુ બીલ અપાયેલ છે, જે તા.૧૦–૧૧ -૧૮ સુધીમા ભરપાઈ કરવાની મુદત આપેલ છે. જે બાબત જણાવેલ કે તેઓના કારખાનામા હિટીંગ એલીમેન્ટ ખામી યુકત થઈ જવાને કારણે - ૦૮ કીવો ડિમાન્ડ વધેલ હતી. જે હિટીંગ એલીમેન્ટ રીપેરીંગમાં મોકલાવેલ છે. ત્યારબાદ – માહે ઓકટોબર-- ૧૮ ના વીજબીલમાં ૧૦ કીવો ડિમાન્ડ નોંધાયેલ છે. જેથી, અરજદારે સુઓમોટો મુજબ – ૪૧ કીવો ડિમાન્ડ ગણીને એસ્ટીમેટ વીજબીલ માં ઉધારેલ છે. જે રદબાતલ કરવા તેમજ બીલીંગ ડિમાન્ડ મુજબ નિયમીત બીલ આપવા માટે - અરજદારે અત્રેના ફોરમ સમક્ષ ન્યાયિક રજુઆત કરેલ છે.

## :: પી.જી.વી.સી.એલ.ની રજૂઆત ::

3.0 અરજદાર ની રજૂઆત અન્વયે, પીજીવીસીએલ પક્ષકાર તરફથી જણાવાયેલ કે- શાપર-વેરાવળ કચેરી હેઠળના LTMD વીજગ્રાહક મે. આર.બી.કોર્પોરેશન C/O સેન્ટ ઇન્ડ. ગ્રા. નં. ૮૧૯૦૧/૦૧૧૩૯/૯, લોડ-33 KW નુ હયાત વીજજોડાણ શાપર ગામ મુકામે ધરાવે છે. તેમને વર્ષ ૨૦૧૭-૧૮માં તેમના LTMD વીજજોડાણમાં લોડ વધારો વાપરવા અંતર્ગત કંપનીના સપ્લાય કોડ ૨૦૧૫ના ક્લોઝ નં ૪.૯૫ મુજબ આપવામાં આવેલ ભાવપત્રક રદ કરવાની અરજી કરવામાં આવેલ છે. જેના અનુસંધાને જણાવવાનુંકે ઉપરોક્ત ગ્રાહક દ્વારા વર્ષ ૨૦૧૭-૧૮માં નીચે દર્શાવ્યા મુજબ કોન્ટ્રાકટેડ ડીમાંડ 33 KW કરતા વધુ (33+8=41 KW)વીજ લોડ વાપરતા માલુમ પડેલ હોય તેમને તા.૨૨-૦૫-૧૮ થી ગ્રાહક ને જરૂરી નોટીસ પાઠવવામાં આવેલ છે તેમજ ગ્રાહક દ્વારા વપરાશ કરેલ વધારે લોડની વિગત નીચે મુજબ છે.

| SR. NO. | MONTH | CONTRACT DEMAND | ACTUAL DEMAND |
|---|---|---|---|
| 1 | JUNE-17 | 33 KW | 39 KW |
| 2 | JULY-17 | 33 KW | 39 KW |
| 3 | OCT-17 | 33 KW | 39 KW |
| 4 | NOV-17 | 33 KW | 39 KW |
| 5 | JAN-18 | 33 KW | 37 KW |
| 6 | FEB-18 | 33 KW | 41 KW |
| 7 | MAR-18 | 33 KW | 43 KW |

3.૧. આમ ઉપરોક્ત LTMD વીજગ્રાહક દ્વારા ક્લોઝ નં. ૪.૯૫ મુજબ વર્ષ ૨૦૧૭-૧૮માં કુલ 7 વખત ૫% કે તેથી વધારે કોન્ટ્રાક્ટ ડીમાંડ કરતા વધારે વીજલોડનો વપરાશ કરેલ હોય નિયમાનુસાર વધારાના વીજભાર સંદર્ભે ગ્રાહકને જરૂરી ભાવપત્રક કુલ રૂ. 109101=00 નું તા.:૦૯.૦૮.૨૦૧૮ ના રોજ આપવામાં આવેલ છે. જે ભાવપત્રકની રકમ ગ્રાહકશ્રી દ્વારા ભરપાઈ કરવામાં આવેલ નથી. સદર ભાવપત્રકમાં નીચે જણાવ્યા મુજબનો ચાર્જ વસુલ કરવામાં આવેલ છે જેની વિગત નીચે મુજબ છે.

| SR. NO. | DESCRIPTION | QTY | AMOUNT RS. |
|---|---|---|---|
| 1 | REGISTRATION CHARGE | 1 | 400-00 |
| 2 | FIXED CHARGE | 1 | 8800-00 |
| 3 | SECURITY DEPOSITE | 1 | 99901=00 |
| | TOTAL AMOUNT | | 109101-00 |

Consumer Grievance Redressal Forum P.G.V.C.L. Rajkot

વધુમાં આ સાથે સામેલ PRT-145 વર્ષ ૨૦૧૮-૧૯ મુજબ ઉપરોક્ત ગ્રાહકશ્રી દ્વારા તેમના હયાત 33 KWના વીજભારમાં નીચે દર્શાવ્યા મુજબ કૂલ 6 વખત કોન્ટ્રાક્ટ લોડ કરતાં વધુ વિજભાર નો વપરાશ કરતા માલુમ પડેલ છે.

| SR. NO. | MONTH | CONTRACT DEMAND | ACTUAL DEMAND |
|---|---|---|---|
| 1 | APRIL-18 | 33 KW | 41 KW |
| 2 | MAY-18 | 33 KW | 37 KW |
| 3 | JUNE-18 | 33 KW | 36 KW |
| 4 | AUG-18 | 33 KW | 38 KW |
| 5 | SEPT-18 | 33 KW | 37 KW |
| 6 | OCT-18 | 33 KW | 35 KW |

આમ મે. આર.બી.કોર્પોરેશન C/O સેન્ટ ઇન્ડ. ગ્રા. નં. ૮૧૯૦૧/૦૧૧૩૯/૯, લોડ-33KWને વર્ષ ૨૦૧૭-૧૮માં ક્લોઝ નં. ૪.૯૫ મુજબ વધારે ડીમાંડ (33+8=41 KW) વાપરવા સબબ આપવામાં આવેલ ભાવપત્રકની ફુલ રકમ રૂ. 109101=00 યોગ્ય અને ભરવાપાત્ર જ થાય છે તથા ગ્રાહકશ્રી દ્વારા સદર ભાવપત્રકની રકમ ન ભર્યે કંપનીના નિયમાનુસાર આગળની કાર્યવાહી હાથ ધરવામાં આવશે.

## :: હુકમ ::

૪.૦ અરજદારે કરેલ લેખીત રજુઆત તથા સામાવાળાની રજુઆત અને રજુ કરાયેલ દસ્તાવેજી પુરાવાઓના આધારે ફોરમ કમિટી તરફથી નીચે મુજબ નો નિર્ણય કરાયેલ છે.

૪.૧ શાપર-વેરાવળ કચેરી હેઠળના LTMD વીજગ્રાહક મે. આર.બી.કોર્પોરેશન C/O સેન્ટ ઇન્ડ. ગ્રા. નં. ૮૧૯૦૧/૦૧૧૩૯/૯, લોડ-33 KW નુ હયાત વીજજોડાણ શાપર ગામ મુકામે ધરાવે છે. તેમને વર્ષ ૨૦૧૭-૧૮માં તેમના LTMD વીજજોડાણમાં લોડ વધારો વાપરવા અંતર્ગત કંપનીના સપ્લાય કોડ ૨૦૧૫ના ક્લોઝ નં ૪.૯૫ મુજબ આપવામાં આવેલ ભાવપત્રક રદ કરવાની અરજી કરવામાં આવેલ છે.

૪.૨ ઉપરોક્ત મુદા નં ૩.૦ અને ૩.૧ મુજબ સદર અરજદાર દ્વારા વર્ષ ૨૦૧૭-૧૮ અને વર્ષ -૧૮-૧૯ માં ગ્રાહક ના લેઝર મુજબ મહતમ કોન્ટ્રાકટેડ ડીમાંડ નીચે દર્શાવ્યા મુજબ માલુમ પડેલ છે.

**CONN. NO. ૮૧૯૦૧/૦૧૧૩૯/૯ CONTRACT DEMAND-33 KW, LTMD**

| SR. NO. | MONTH | ACTUAL DEMAND OF FY-17-18 | ACTUAL DEMAND OF FY-18-19 |
|---|---|---|---|
| 1 | APR | 05 KW | 41 KW |
| 2 | MAY | 31 KW | 37 KW |
| 3 | JUNE | 39 KW | 36 KW |
| 4 | JULY | 39 KW | 8 KW |
| 5 | AUG | 8 KW | 38 KW |
| 6 | SEP | 26 KW | 37 KW |
| 7 | OCT | 39 KW | 35 KW |
| 8 | NOV | 39 KW | 10 KW |
| 9 | DEC | 8 KW | |
| 10 | JAN | 37 KW | |
| 11 | FEB | 41 KW | |
| 12 | MAR | 43 KW | |

૪.3 ઉપરોક્ત બાબતે નામદાર GERC ના સપ્લાય કોડ નોટીફીકેશન નં ૦૪/૨૦૧૫ ના મુદ્દા નં ૪.૯૫ નીચે મુજબ છે

" In case of HT, EHT and Demand Based LT connections, if the maximum demand was recorded to be in excess of contract demand by 5% or more for at least four times during last financial year, the licensee shall issue a 30-day notice to the consumer for submitting an application form for enhancement of load. If there is no response from the consumer by the end of the notice period, the licensee shall start the procedure for enhancing the consumer's contract demand to the average of four recordings of maximum demand shown by the consumer's MDI meter in the last financial year. In such case, the consumer shall be liable to pay all applicable charges as per provisions of this Code for regularization of the enhanced demand. The enhanced demand will be considered as revised contact demand on receipt of such charges and all provisions of agreement shall be applicable to such consumers for revised contract demand.

In case of non-Demand Based LT connections, review of Contracted Load/ Sanctioned Load shall be carried out once in a financial year and if it is found that connected load on such type of connection is 25% or more than the Contracted Load/ Sanctioned Load in case of Residential Consumers and 10% or more than the Contracted Load/ Sanctioned Load in case of other categories of consumers, the licensee shall issue a 60 day notice to the consumer for submitting an application form for enhancement of load. *If there is no response from the consumer by the end of the notice period, the licensee shall start the procedure for enhancing the consumer's Contracted Load/ Sanctioned Load to the load found at the time of inspection. In*

*such case, the consumer shall be liable to pay all applicable charges as per provisions of this Code for regularization of the enhanced load.* The enhanced load will be considered as revised Contracted Load/ Sanctioned Load on receipt of such charges and all provisions of agreement shall be applicable to such consumers for revised Contracted Load/ Sanctioned Load."

૪.૪ **આમ ઉપરોક્ત મુદ્દા નં -૪.૨ અને ૪.૩ મુજબ, સદર LT વીજગ્રાહક દ્વારા ક્લોઝ નં. ૪.૯૫ મુજબ વર્ષ ૨૦૧૭-૧૮માં કુલ ચાર વખત ૫% કે તેથી વધારે કોન્ટ્રાક્ટ ડીમાંડ કરતા વધારે વીજલોડનો વપરાશ કરેલ હોય** નિયમાનુસાર પેટા વિભાગીય કચેરી દ્વારા **પત્ર નં. ૨૧૬૪ તા.૨૨.૦૫.૨૦૧૮ થી જરૂરી નોટીસ પાઠવવામાં આવેલ,** જે નિયમાધીન છે. જે અનુસંધાને – અરજદાર દ્વારા વીજભાર વધારો કરવા માટે કોઈ કાર્યવાહી સમયમર્યાદા મા કરાયેલ નથી, જેથી સામેવાળા દ્વારા પેટા વિભાગીય કચેરી ના પત્ર તા.૦૯–૦૮–૧૮ થી ભાવપત્રક રૂ.૧,૦૯,૧૦૧/– અરજદારને ભરપાઈ કરવા માટે – નિયમાધીન જાણકારી આપેલ છે. વધુમા ઉપરોક્ત મુદ્દા નં. ૩.૧ મુજબ ની વિગતે – **ઉપરોક્ત LT વીજગ્રાહક દ્વારા વર્ષ–૨૦૧૮–૧૯ દરમ્યાન કોન્ટ્રાકટેડ ડીમાંડ ૩૩ KW ની સામે બિલીંગ ડીમાંડ કુલ છ વખત ૫% કે તેથી વધારે કોન્ટ્રાક્ટ ડીમાંડ કરતા વધારે વીજલોડનો વપરાશ કરેલ છે.**

૪.૫ વધુમાં ઉપરોકત બાબતે – જીયુવીએનએલ ના પત્ર નંબર: જીયુવીએનએલ/જીએમ(કોમ)/૧૨૯૦, તા.૨૭–૧૨–૧૮ મા કરાયેલ જોગવાઈ મુજબ " ...... In view of above, it is to state that in the cases where DISCOMs have initiated actions for review of contract demand as per GERC supply code, the adequacy of security deposit may be assessed considering (i) demand charges: as per reviewed contract demand and (ii) energy charge as per highest monthly consumption recorded during previous year instead of levy of security deposit based on normative consumption parameters. The shortfall in security deposit, if any worked out based on above may be included in the estimates for load extension instead of levy of the same on normative basis ......"

૪.૬ નામદાર જીઈઆરસી ના ધારાધોરણ– એટલેકે નોટીફિકેશન નંબર: ૦૪/૨૦૧૫ ના મુદ્દા નં.૪.૯૫ મા કરાયેલ જોગવાઈ અન્વયે – અરજદારે તેઓના સદર વીજજોડાણમાં વધુ ડિમાન્ડ નો વીજવપરાશ કરેલ છે, જે અન્વયે – પીજીવીસીએલ પક્ષકાર દ્વારા ભાવપત્રક અપાયેલ છે. જેમાં ઉપરોકત મુદ્દા નં. ૪.૫ મુજબ ની વિગતે લેવા પાત્ર સીકયોરીટી ડિપોઝીટ ની રકમ ની ગણતરી કરીને રીવાઇઝ ભાવપત્રક આપવાની નિયમાધીન કાર્યવાહી દિન–૧૦ માં કરવા પીજીવીસીએલને સુચના આપવામા આવે છે, જે ભાવપત્રક અરજદારે નિયમાધીન ભરપાઈ કરવાનુ રહેશે. સદર કેઈસ મા, અરજદાર ની મુદ્દા નં. ૨.૦ મુજબ ની વિગતેની રજુઆત મુજબ સુઓમોટો હેઠળ અપાયેલ ભાવપત્રક રદબાતલ કરવાની અરજી ગ્રાહ્ય રાખવામા આવતી નથી.

૪.૭ સદર કેઈસ મા, ઉપરોકત મુદ્દા નં. ૪.૬ મુજબ ની વિગતે ની કાર્યવાહી કરવાનો પીજીવીસીએલ પક્ષકાર ને આદેશ આપવામા આવે છે.

૪.૮ અરજદાર ની ફરીયાદ નો આ તબ્બકે નિકાલ કરવામા આવે છે.

Consumer Grievance Redressal Forum PGVCL

| | | |
|---|---|---|
| (શ્રીમતી કે. જે. મોટાણી) | (એન. ડી. ધામેલીયા) | (જે.બી.પારેખ) |
| સભ્ય (સ્વતંત્ર) | સભ્ય (ટેક) | કા.વા.ચેરપર્સન |

નોંધ:

(૧) અરજદાર સદર હુકમથી નારાજ હોય તો સદર હુકમ મળ્યાની તારીખથી દિન ૩૦ માં વિદ્યુત લોકપાલમાં રજૂઆત કરી શકે છે. આ સાથે વિદ્યુત લોકપાલમાં રજૂઆત કરવાની પધ્ધતિ સામેલ છે.

(૨) ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ (ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ અને લોકપાલ) વિનિયમો' ૨૦૧૧ જાહેરનામા નં.૨/૨૦૧૧ ની કલમ ૩.૧૭ મુજબની બધી શરતો સંતોષવામાં આવેલ હશે તો જ તેવી રજૂઆત લોકપાલ સ્વીકારશે. કલમ ૩.૧૭ (૮) મુજબ ફરિયાદીએ જરૂરી હોય તો ફોરમના હુકમના સંદર્ભમાં પરવાનેદાર પાસે એક તૃતીયાંશ રકમ જમા કરાવી હોય અને કરેલ ચૂકવણીની સાબિતી રજૂ કરી હોય, તો જ તેવી રજૂઆત લોકપાલ સ્વીકારશે.

(3) લોકપાલ નું સરનામું: વિદ્યુત લોકપાલની કચેરી, બ્લોક નં. ૩, પોલીટેકનીક કમ્પાઉન્ડ, આંબાવાડી, અમદાવાદ-૩૮૦૦૧૫. ફોન નં. (૦૭૯) ૨૬૩૦૨૬૮૯

Consumer Grievance Redressal Forum P.G.V.C.L. Rajkot